CCPS
CENTER FOR CHEMICAL PROCESS SAFETY
An AIChE Industry Technology Alliance

Process Safety Beacon

http://www.aiche.org/CCPS/Publications/Beacon/index.aspx

ઉત્પાદન પ્રક્રિયામાં સંકળાયેલા વ્યક્તિઓ માટે સંદેશો


Sponsored by CCPS Supporters

# હોટ વર્ક પરમિટ

સપ્ટેમ્બર - ૨૦૦૭












## શું થયું હતું ?

ડાબી બાજુ , ફોરમેન(F), વેલ્ડર(W),અને મેઈન્ટેનન્સ કારીગરો(M), ટાંકી નં:૧માં વેલ્ડીંગ કરી રહ્યા હતા, હોટવર્ક પરમીટ પધ્ધતિનું બરોબર પાલન કર્યું ન હતું. જવલનશીલ વાતાવરણ માપવા માટે જવલનશીલ ડીટેકટર પણ વાપરવામાં આવ્યુ ન હતું. ઉપરાંત ટેન્ક નં :૧ ની અંદરનું જવલનશીલ વાતાવરણ માપવા માટે સળગતી વેલ્ડીંગ ટોર્ચ ઉતારવામાં આવી, જે એક અ-સુરક્ષીત પધ્ધતિ હતી. ટાંકીઓ એકબીજા સાથે જોડાયેલી હતી, છતાં તેને બરોબર અલગ કરવામાં આવેલી ન હતી. કેટલીક ટેન્કમાં જવલનશીલ ધુમાડો હતો જે વેલ્ડીંગ એરીયામાં ધસી ગયો અને સળગ્યો. ફોરમેન અને બે મેઈન્ટેનન્સ કારીગરો મૃત્યુ પામ્યા અને વેલ્ડર ગંભીર રીતે દાઝી ગયો. ટેન્ક નં:૧ અને ૨ વચ્ચે કામચલાઉ પ્લેટફોર્મ જેની ઉપર માણસો કામ કરતાં હતાં, તે માટે એક સીડી નો ઉપયોગ કરવામાં આવ્યો હતો તે પણ નોંધો.

જમણી બાજુ, વેલ્ડીંગ એક પેટ્રોલના ટ્રક પાસે કરવામાં આવતું હતું, ફરીથી હોટવર્ક પરમીટ પધ્ધતિનું બરોબર પાલન કરવામાં આવ્યું ન હતુ. જવલનશીલ ધુમાડો સળગ્યો અને ધડાકો થયો. ટ્રકનો એક છેડો મકાનોની સામે હતો અને બીજો છેડો રસ્તાની બીજી બાજુ હતો. એક વ્યકિત મૃત્યુ પામી અને બીજો ગંભીર રીતે દાઝી ગયો.

## તમો શું કરી શકો ?

- ➢ વેલ્ડીંગ, કટીંગ, ગ્રાઈડીંગ, ગેસ અને ડીઝલ એન્જીનને ચાલુ બંધ કરવાની પ્રક્રિયા અથવા કોઈપણ તણખો ઉત્પન્ન કરે તેવી પ્રવૃતિઓ જે જવલનશીલ ધુમાડાને સળગાવી શકે, તેવી જોખમી હોટ વર્ક પ્રવૃતિને ઓળખો.
- ➢તમારી કંપનીમાં વપરાતી હોટવર્ક પરમીટની પધ્ધતિને સમજો અને તેનું પાલન કરો.
- ➢હોટવર્ક પરમીટને લાયકાત ધરાવનાર અને તાલીમ પામેલા વ્યકિત દ્વારા આપવામાં આવેલ છે તે ખાત્રી કરો.
- ➢જો તમને હોટવર્ક પ્રવૃતિ (અથવા કોઈપણ પ્રવૃતિ) માટે સુરક્ષા અંગે કોઈ શંકા હોય તો કામ તુરંત જ બંધ કરી દો અને મેનેજમેન્ટના સંબધિત વ્યકિતનું તુરંત જ ધ્યાન દોરો.
- ➢જવલનશીલ ગેસ ડીટેકટર વાપરો, જે જવલનશીલ વાતાવરણને સુરક્ષિત રીતે ઓળખવા માટે બનાવવામાં આવેલ છે.

**સુરક્ષિત હોટવર્ક પરમીટ પધ્ધતિને જાણો અને પાલન કરો.**

AIChE © 2007. All rights reserved. Reproduction for non-commercial, educational purposes is encouraged. However, reproduction for the purpose of resale by anyone other than CCPS is strictly prohibited. Contact us at ccps_beacon@aiche.org or 212-591-7319

**The Beacon is usually available in Chinese, Danish, Dutch, English, French, German, Gujarati, Hebrew, Hindi, Italian, Japanese, Korean, Malay, Persian, Portuguese, Spanish, Swedish, and Thai.**